પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૪૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૧-૦૬-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 246 PRICE :-RS. 1.50 DATE : 11-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### માછીમારોને ૫ દિવસ દરિયો ન ખેડવા સૂચના, સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ

## દક્ષિણ દ્વારે મેઘરાજાની એન્ટ્રી, બે દિવસમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર,

ગુજરાતમાં મેઘરાજાની સવારી આવી પહોંચી છે. અને ચોમાસું હવે સુરત પહોંચ્યું છે તેવી જાહેરાત હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, દક્ષિણ ગુજરાતમાં બે દિવસ ભારે વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત માછીમારોને પાંચ દિવસ સુધી દરિયો ન ખેડવા માટે પણ સૂચના આપવામાં આવી છે.



ગુજરાતમાં સત્તામાર નૈઋત્યના ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે. અને હાલ ચોમાસું સુરત પહોંચ્યું છે. તેવામાં સૌરાષ્ટ્રમાં પણ અનેક જગ્યાઓએ વરસાદ વરસી રહ્યો છે. અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર સહિતના વિસ્તારોમાં આજે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વરસાદ વરસતાં લોકોને બફારા અને ગરમીમાંથી રાહત મળી હતી.

અમરેલીના ખાંભામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. અને ગ્રામ્ય વિસ્તારમાં ૨થી ૩ ઈંચ વરસાદ ખાબક્યો હતો. રાયડી, ડેડાણ, અનિડા, ભાવરડી, મોટા સરકડીયા સહિતના ગામોમાં વરસાદ પડ્યો હતો. ધોધમાર વરસાદને કારણે સ્થાનિક નદીઓમાં ઘોડાપૂર આવ્યું હતું. ચોમાસાની શરૂઆતમાં જ વાવણીલાયક વરસાદ વરસતાં જગતનો તાત ખૂશખૂશાલ જોવા મળ્યો હતો.

અમરેલી જિલ્લામાં અવિરત વરસાદ વરસી રહ્યો છે. સતત વરસાદથી ખારી નદીમાં પુર આવ્યું છે. કાનાતળાવ, હાથસણી વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. આ ઉપરાંત રાજુલા, જાફરાબાદ, ખાંભા, બગસરામાં વરસાદ પડતા બફારાથી લોકોને રાહત મળી હતી. કોટડા, ભાડ, નાનુડી, ઈંગોરાળામાં વરસાદ વરસ્યો હતો.

તો ગીર સોમનાથ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને કોડીનારમાં પવન સાથે વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ભાવનગર શહેરના વાતાવરણમાં પલટો આવતાં શહેરના અનેક વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો.

આ ઉપરાંત હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ દરિયો તોફાની રહેવાની આગાહી કરવામાં આવી છે. ત્યારે દ્વારકામાં આજે અમાસના દિવસે દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો હતો. ભારે કરંટને કારણે ગોમતીઘાટ કિનારે ૮ થી ૧૦ ફૂટ જેટલા ઊંચા મોટા મોજા ઉછળ્યા હતા. દ્વારકા જિલ્લામાં અનેક ઠેકાણે વરસાદી માહોલ વચ્ચે અસહ્ય ગરમી વચ્ચે દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો હતો.

આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી અને તાપીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે સૌરાષ્ટ્રમાં સામાન્યથી હળવો વરસાદ પડી શકે છે. તેમજ અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયું વાતાવરણ રહેશે તેમ જણાવવામાં આવ્યું છે. દરિયામાં પવનની ગતિ તેજ થઈ શકે છે અને દરિયો તોફાની બની શકે છે તેવી સંભાવનાને કારણે પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની વિધિવત પધારમણી થઈ ચૂકી છે. વહેલી સવારે વલસાડના કપરાડામાં મેઘરાજાએ સત્તાવાર એન્ટ્રી કરી હતી. મેઘરાજાના આગમન સાથે જ વલસાડમાં ભારે પવન સાથે વરસાદ તૂટી પડયો હતો. વલસાડના મોટાભાગના તાલુકાઓમાં ઓછો વત્તો વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને વલસાડનું ચેરાપૂંજી ગણાતા કપરાડામાં ચાર કલાકમાં ૨.૪૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે વાપીમાં ૧૪ મી.મી., ઉમરગામમાં ૧૬ મી.મી., ધરમપુર ૧૫ મી.મી. વરસાદ નોંધાયો હતો.

## સ્કૂલ ફી અને રથયાત્રા અંગે સમય અને સંજોગો મુજબ નિર્ણય લેવાશે : વિજય રૂપાણી

ગાંધીનગર,

ગુજરાતમાં કોરોના હવે કાબુમાં આવી રહ્યો છે. અમદાવાદમાં પણ સંક્રમણ હવે નિયંત્રણમાં છે. ત્યારે લોકોમાં એવી આશા બંધાઈ છે કે આ વર્ષે તો ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળશે. મંદિર તરફથી રથયાત્રા કાઢવા માટે પોલીસ કમિશ્નરને અરજી કરવામાં આવશે. તે ઉપરાંત સરકાર તરફથી જે રીતે મંજુરી અપાશે તેવી રીતે



રથયાત્રા કાઢવા મંદિર તરફથી તૈયારી દર્શાવાઈ છે. જ્યારે બીજી બાજુ મુખ્યમંત્રી રૂપાણીએ નિવેદન આપતાં કહ્યું છે કે રથયાત્રા માટે યોગ્ય સમયે નિર્ણય લઈશું.

મુખ્યમંત્રીએ કહ્યું હતું તે ભગવાન જગન્નાથની રથયાત્રા કાઢવા માટે યોગ્ય સમયે નિર્ણય લેવાશે. હજી પણ કોરોનાની ત્રીજી લહેરની સંભાવનાઓ છે. ત્યારે પ્રજાની સાવચેતી અને સલામતી માટેની જવાબદારી બને છે. આપણે લોકડાઉન વિના જ કોરોનાને હરાવ્યો છે. સ્થિતિ હવે નિયંત્રિત થઈ રહી છે. પરંતુ રથયાત્રા કાઢવા યોગ્ય સમયે જ નિર્ણય લેવાશે. પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે બુધવારે રથયાત્રાની તૈયારીઓને લઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને પોલીસ ઈન્સ્પેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સથી ચર્ચા કરી હતી. રથયાત્રાને લઈ મંદિર તરફથી તમામ

(અનુ.પાના.નં.૨)




## અમેરિકાએ બનાવ્યું મહાશક્તિશાળી 'અદ્રશ્ય' પરમાણુ બોમ્બર બી-૨૧, રશિયા-ચીન ચિંતામાં

ન્યુ દિલ્હી,

યુ.એસ. રશિયા અને ચીન સાથેના તણાવ વચ્ચે ઝડપથી તેના વ્યૂહાત્મક બોમ્બર કાફલાને આધુનિકીકરણ કરી રહ્યું છે. આ દરમિયાન, એવા અહેવાલો આવી રહ્યા છે કે વિશ્વની સૌથી અદ્યતન હવાઈ સંરક્ષણ પ્રણાલીને હરાવવા માટે બનાવવામાં આવી રહેલા બી-૨૧ રાઈડરના બે બોમ્બર્સનું નિર્માણ પૂર્ણ થઈ ગયું છે. યુ.એસ.નો દાવો છે કે રશિયાની એસ ૪૦૦ સંરક્ષણ પ્રણાલીના રડાર દ્વારા પણ આ બોમ્બરને પકડી શકાતો નથી.




આ બંને બોમ્બર્સની પરીક્ષણ ઉડાન માટે બે અલગ ઉડતી વિંગ્સ પણ લગાવવામાં આવી છે. એવો દાવો પણ કરવામાં આવી રહ્યો છે કે જ્યા સુધી બી-૨૧ રાઈડરને ફાઈનલ ઓપરેશન ક્લિયરન્સ(FOC)નથી મળી જાતી ત્યા બી-૨ને રિટાયર કરવાની યોજના પર વિચાર કરવામાં નહીં આવે. આ સમાચાર પછી, શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે યુએસ બોમ્બર કાફલામાં વિમાનોની અછત છે કે કેમ? કારણ કે એક મહિના પહેલા, બી-૧ બીના એન્જિનમાંથી તેલ લિકેજને ધ્યાનમાં રાખીને, બધા વિમાન ગ્રાઉન્ડેડ થઈ ગયા છે.

બી-૨૧ પ્રોગ્રામ અંગેનો આ અપડેટ એક દિવસ અગાઉ ગૃહ સશસ્ત્ર સેવાઓ સમિતિની સુનાવણીમાં આવ્યો હતો. આ સમિતિ યુએસ આર્મી, એરફોર્સ અને નેવીના શસ્ત્રો સંબંધિત સમીક્ષા બેઠકોનું આયોજન કરે છે. આ મીટિંગ દરમિયાન એરફોર્સ એક્વિઝિશન, ટેકનોલોજી અને લોજિસ્ટિક્સ માટે સહાયક સચિવ ડાર્લિન કોસ્ટેલોએ જાહેર કર્યું કે પહેલા બે બી-૨૧ હવે કેલિફોર્નિયાના પામડેલમાં પ્લાન્ટ ૪૨ ખાતે તૈયાર છે. મૂળ યોજનામાં આ વિમાન ૨૦૨૧ના ??અંતમાં તેની પ્રથમ ઉડાન ભરવા માટે તૈયાર કરવામાં આવ્યા હતા.

તે પછી એવું અનુમાન કરવામાં આવી રહ્યું હતું કે કોરોનાવાયરસ રોગચાળા અને ભંડોળના અભાવને કારણે પ્રોગ્રામમાં વિલંબનો સામનો કરવો પડશે. યુએસ એરફોર્સે જાહેર કર્યું નથી કે તે બે બ્રાન્ડ નવા બી-૨૧ બોમ્બર્સ સાથે વાસ્તવમાં શું કરશે. તેમ છતાં, એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે ટૂંક સમયમાં તેમની વ્યાપક ગ્રાઉન્ડ ટેસ્ટિંગ શરૂ કરવામાં આવશે. આ સિવાય સિમ્યુલેશનમાં પાઈલટ્સને ટ્રેનિંગ પણ આપવામાં આવશે.

બી-૨૧ માટેના કરાર મુજબ પ્રથમ તબક્કામાં ૨૧ વિમાન બનાવવાની યોજના છે. હકીકતમાં, યુએસ એરફોર્સ બી-૨૧ વિમાનને દરેક સ્કેલ પર ઝડપથી પરીક્ષણ કરવા માંગે છે. આ માટે વધુ સંખ્યામાં વિમાનની જરૂર પડશે. તેમણે કહ્યું કે ભવિષ્યનો સ્ટીલ્થ બોમ્બર બનાવવો એ એક જટિલ પ્રયાસ છે અને અમે સુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે કોઈ પણ ઉણપ ન રહે.

થોડા મહિના પછી જ બી-૨૧ની પ્રથમ ઉડાન પણ હાથ ધરવામાં આવશે. યુએસ એરફોર્સ આ વિમાનની ઓપરેટિંગ સિસ્ટમ બેઝ પર હેંગર અને જાળવણી સુવિધાઓના નિર્માણ માટેના કરારને અંતિમ રૂપ આપશે. તે કયા એરબેઝ પર તૈનાત કરવામાં આવશે તે હજુ નક્કી નથી. કોરોના વાયરસ રોગચાળાને કારણે આ પ્રોજેક્ટમાં વિલંબ થવાની ધારણા હતી, પરંતુ હવે

(અનુ.પાના.નં.૨)

## ઘટતા કોરોના કેસો સામે કલાકમાં જ રેકૉર્ડબ્રેક ૬,૧૪૮ લોકોના મોત



ન્યુ દિલ્હી,

ભારતમાં ગુરૂવાર એટલે કે ૧૦ જૂન, ૨૦૨૧ના એક જ દિવસના સમયગાળામાં કોરોના વાયરસ સંક્રમણના કુલ ૯૪,૦૫૨ નવા કેસ સામે આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬,૧૪૮ લોકોના મોત થયા છે. બિહારે પોતાના મોતના આંકડાઓમાં સંશોધન કર્યું છે, ત્યારબાદ મોતની સંખ્યા ૬,૦૦૦ પાર પહોંચી ગઈ છે. કોરોનાથી એક દિવસમાં થનારા મોતનો આ સૌથી ઊંચો આંકડો છે. આ સાથે જ દેશમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા ૨,૯૧,૮૩,૧૨૧ થઈ ગઈ છે. દેશમાં કોવિડ-૧૯ના કુલ એક્ટિવ કેસ ૧૧,૬૭,૯૫૨ છે અને છેલ્લા ૨૪ કલાકમાં ૧,૫૧,૩૬૭ લોકો સાજા થયા છે. દેશમાં કોરોનાનો પોઝિટિવિટી રેટ ૪.૬૯ ટકા છે. આવું સતત ત્રીજા દિવસે થયું છે, જ્યારે ભારતમાં ૫ ટકાની નીચે પોઝિટિવ નોંધાયો છે. ૨૪ કલાકમાં કોવિડ-૧૯ની વિરુદ્ધ વેક્સિનના ૩૩,૭૯,૨૬૧ ડોઝ આપવામાં આવ્યા છે. અત્યાર સુધી દેશમાં વેક્સિનના ૨૪,૨૭,૨૬,૬૯૩ ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૦,૦૪,૬૯૦ લોકોના કોરોના ટેસ્ટિંગ થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યુંકે, કેન્દ્રએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોવિડ-૧૯ વેક્સિનના ૨૫,૦૬,૪૧,૪૪૦ ડોઝ મફતમાં આપ્યા છે. ઉલ્લેખનીય છે કે બુધવારના રાજ્યના સ્વાસ્થ્ય વિભાગે રાજ્યમાં કોરોનાથી કુલ મોતના આંકડાઓમાં સંશોધન કર્યું જેનાથી આ મહામારીમાં મરનારાઓની સંખ્યા ૯૪૨૯ થઈ ગઈ, જે મંગળવારના ૫૪૫૮ હતી. સ્વાસ્થ્ય વિભાગ પ્રમાણે કોરોના વાયરસ સંક્રમણથી બુધવાર સુધી મૃત્યુ પામનારાઓની સંખ્યા ૫૪૭૮ની સંખ્યા ઉપરાંત સંશોધન બાદ વધારે ૩૯૫૧ લોકોના મોતના આંકડાને જોડવામાં આવ્યો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મોહનીયા દિનેશભાઈ કાળુભાઈ
મુ. ખજુરી, તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ભાભોર ભાવસિંહ નાનજીભાળ
મુ. કાકડખીલા ફળીયું,, તા. ધાનપુર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૬ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનના કુલ ૭૪૭૩ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૦-૦૬-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૭૪૭૩ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની-૦૩ સ્ત્રી, ૦૧ પુરૂષ અને સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાના ૧ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૩૨૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૬૨૨૧૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૬૧ દર્દી હોમઆઈસોલેશનમાં, ૦૧ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૦૪ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૧ દર્દીઓ સ્ટેબલ, ૦૯ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

# મહીસાગર જિલ્લાના સકલીયા ગામની અર્ચી માટે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ બન્યો આશીર્વાદ રૂપ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
બાળકોના આરોગ્ય સુખાકારી અને નિરામય સ્વાસ્થ્ય માટેના કલ્યાણકારી કાર્યક્રમોના અમલીકરણ માટે રાજ્ય સરકારનો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હરહંમેશાં તત્પર રહે છે. ત્યારે જરૂરિયાતમંદ બાળકોને પૂરતી સહાય અને સારવાર આપી અનેક બાળકોના પરિવારમાં ખુશાલી આવી છે. એવા જ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના સકલીયા ગામમાં ખેતીકરીને જીવન ગુજરાન ચલાવતા પરીવારની છ વર્ષની બાળકીનું લાખોના ખર્ચે થતું જન્મજાત બધિરતા માટે કોકિલયર ઈમ્પ્લાન્ટ(શ્રવણ યંત્ર)નું ઓપરેશનરાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત નિઃશુલ્ક થતા અર્ચી હસતી રમતી સાંભળતી અનેબોલતીથઇ જતા પરીવારમાં ખુશીની લાગણી પ્રસરી જવા પામી છે.

સકલીયા ગામના નિલેશભાઈ પટેલજણાવે છે કે, તેઓ ખેતી કરીને પરીવારનું જીવનગુજરાન ચલાવે છે. તેમને પરીવારમાં એક દિકરો અને એક દિકરી છે દિકરી અર્ચીનાજન્મ સમયે ઘરમાં ઘણોજ આનંદ હતો. પરંતુ જ્યારે એ જાણવા મળ્યુ કે, તેમની દિકરીને જન્મજાત બધિરતા છે. તે જાણી અમને ઘણુંજ દુઃખ થયું.રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમ દ્વારા આંગણવાડી તપાસ દરમ્યાન જન્મજાત બધિરતા માલુમ પડતા ૨૦૧૮ માં ગાંધીનગર ખાતે રીફર કરવામાં આવ્યા હતા.ત્યારે ત્યાંથી હિયરીંગ એડ્સ (સાંભળવાના સાધનો) આપવામાં આવ્યા હતા. આર.બી.એસ.કે ટીમના ડો.દત્તુ રાવલ, ડો.કોમલ પ્રજાપતિ,ફાર્માસિસ્ટ સંજયભાઇ પ્રજાપતિ, ફિમેલ હેલ્થ વર્કર નુતન ખાંટ દ્વારા અર્ચીના આરોગ્યની તપાસ અર્થે ગૃહ મુલાકાત લેતા તેને ફરી રીફર કરવાની જરૂર જણાતા તજજ્ઞો દ્વારા કોકિલયર ઈમ્પ્લાન્ટ (શ્રવણ યંત્ર)નું ઓપરેશન કરવાની માટેની સલાહ આપતા ૧૨ મી ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ સફળ ઓપરેશન કર્યા બાદ સ્પિચ થેરાપીના લેશન શરૂ કરવામાં આવ્યા હતા.તેને બોલતી જોઇ પરીવારના સભ્યોમાં હર્ષના આંસુ આવી ગયા હતા.હાલમાં બાળકી અર્ચીના સાંભળવા અને બોલવામાં સારૂ પરીવર્તન જોવા મળ્યું છે.

નિલેશભાઇ વધુમાં જણાવે છે કે,સરકારના આરોગ્ય વિભાગ દવારા ચાલતા શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત અમને લાભ મળ્યો છે. ખાનગી હોસ્પિટલમાં અંદાજે દસ લાખના ખર્ચે થતું કોકિલયર ઈમ્પ્લાન્ટ (શ્રવણ યંત્ર)નું ઓપરેશન કોઈપણ જાતના ખર્ચ વિનાનિઃશુલ્ક થતા તેમજ આરોગ્યના કર્મચારીઓના સાથ અને સહકારથકી આ આરોગ્ય સેવા મળી તે બદલ હું સરકારનો ઋણી છું. શાળા આરોગ્ય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ન હોત તો મારીઆ બાળકીને આજીવન આ જન્મજાતખામી સહન કરવી પડતી, જેના વિચાર માત્રથી મારૂ હદય કંપી ઉઠે છે. પરંતુ આ કાર્યક્રમથી મારી દિકરીની આ જન્મજાત ખામી દૂર થતા તે સારૂ જીવન જીવી શકશે.

સરકારની આ યોજનાથી મારી અર્ચીહસતી રમતી સાંભળતી અને બોલતી સ્વસ્થ જીવન જીવી રહી છે. તે માટે હું સંવેદનશીલ રાજ્ય સરકારનો અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના સભ્યોનો હૃદય પૂર્વક આભાર માનું છું. તથા ભવિષ્યમાં અમારા જેવા અનેક લાભાર્થીઓ માટે આ યોજના આશાનું કિરણ બને તેવી શુભેચ્છા પાઠવું છું.

# પાનમ ડેમમાંથી નદી પર આવેલ ચેકડેમ ભરવા માટે ૫૦૦ ક્યુસેક પાણી છોડાયું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
પંચમહાલ જિલ્લાના જીવાદોરી સમાન પાનમ જળાશય માંથી એક ગેટ એક ઇંચ ખોલીને ૫૦૦ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું હતું. પાનમ નદી ઉપર આવેલ ચેકડેમ ભરવા માટે જળાશય માથી પાણી છોડવાની જરૂર પડી હતી. નદી પર રેતી ખનન થઈ રહયું હોય તે બંધ કરીને આ સામે કડક કાર્યવાહી કરવામાં આવી જોઈએ.

પંચમહાલ જિલ્લાના જીવાદોરી સમાન પાનમ ડેમ યોજના શહેરા તાલુકા તેમજ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે. હાલમાં ઉનાળો ચાલતો હોવાથી ઉનાળાની સીઝન અંત તરફ છે. ત્યારે પાન વિભાગ દ્વારા લુણાવાડા તાલુકા માથી પસાર થતી પાનમ નદી પર બાંધવામા આવેલ ચેકડેમ ભરવા માટે પાનમ ડેમમાંથી પાણી છોડવાની જરૂર પડી હતી. પાનમ જળાશયનો ૬નંબરનો એક ગેટ ૧ ઇંચ ખોલીને ગુરૂવારની સવારના ૧૦વાગ્યે ૧૦૦ ક્યુસેક પાણી છોડાયા બાદ બપોર ના ૧૨ કલાકે ૫૦૦ ક્યુસેક પાણી છોડતા પાનમ નદી વહેતી થઈ હતી. પાનમ નદી પર આવેલ જે ચેકડેમમાં પાણી ભરવા માટે જળાશયમાંથી પાણી છોડવામાં આવ્યું છે. તેની આજુબાજુ પાછલા કેટલાક સમયથી રેતી ખનન થઈ રહયું હોય તે રેતી ખનન સામે કડક કાર્યવાહી કરવા જિલ્લા કલેકટર ખનીજ વિભાગને આદેશ કરીને બંધ કરાવે તેવી લોક માંગ સાથે પ્રજાજનો પણ ઈચ્છી રહયા છે. પાનમ વિભાગ દ્વારા નદીમાં પાણી છોડતા આ નદીની આસપાસના પશુ પંખીઓને પાણીની રાહત થશે તેમજ થોડી ગણી પાણી સમસ્યા હલ થાય તો નવાઈ નહીં.

# ગોધરા તાલુકાના નદીસર ગામે પાણીનો કકળાટ

નદીસર,
ગોધરા તાલુકાના નદીસર ગામે છેલ્લા પંદર દિવસ ઉપરાંત થી પાણીનો પ્રશ્ન ગંભીર છે. આ અંગે રજુઆત કરવા છતાં પણ નઘરોળ તંત્ર કંઇજ સાંભળતું નથી અને નાગરિકોને પાણી માટે વલખાં મારવાં પડે છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના નદીસર ગામે મોટું ફળિયું,વાડી ફળિયું,વાણિયા વાળ,પગીવગા સહિતના ફળિયાઓમાં પાણીનો પ્રશ્ન અતિગંભીર છે અને પ્રેશર થી પાણી ન આવતા મોટા ભાગના નાગરિકો પાણી થી વંચિત રહે છે. એક તરફ ઉનાળાની સિઝન અને ઉપર થી પશુપાલનનો વ્યવસાય એટલે પાણી તો પ્રાથમિક જરૂરિયાત છે. ત્યારે આવી સ્થિતિમાં અન્ય નાગરિકો સહિત પશુ પાલકોની હાલત કફોડી થઈ છે. આ અંગે તપાસ કરતા જાણવા મળેલ છે કે નર્મદા આધારિત યોજનાનું પાણી નદીસર સંપ ખાતે નિયમિત આવતું નથી. તેમજ નદીસર છેવાડાનું ગામ હોય પાણી પણ પ્રેશર વગર આવે છે. જો સંપ સંપૂર્ણ ભરાય તો પાણી વધુ આપી શકાય છે. જયારે કૂવા ખાતે વણાકબોરી જૂથ યોજનાનું પાણી પણ અનિયમિત આવે છે, તેમજ પુરતી માત્રામાં આવતું નથી. જો નર્મદા અને વણાકબોરી એમ બન્ને જૂથ યોજનાના પાણી નિયમિત પૂરતા દબાણ થી આપવામાં આવે તો પાણી વધુ માત્રામાં વધુ સમય સુધી આપી શકાય કારણ કે, આશરે વીસ વર્ષ થી વધુ જૂની પાઈપ લાઇનમાં તેની કેપિસિટી કરતા વધુ કનેકશન આપવામાં આવ્યા છે. એટલે જયાં સુધી નીચાણવાળા ભાગોમાં પાણીના નળ ચાલુ હોય ત્યાં સુધી ઉપરના ફળિયાઓમાં પાણી પુરવઠો પૂરતી માત્રામાં ના આવે અને આ પ્રશ્ન વર્ષોથી સતાવી રહ્યો છે.

આ તરફ વાસ્મોની નવીન પાઇપ લાઇન સાથે ની યોજના નદીસર ખાતે મંજૂર થયેલ છે, પરંતુ તે ક્યારે ચાલુ થાય છે. તે પેચીદો પ્રશ્ન છે. ત્યારે નદીસરમાં નર્મદા અને વણાકબોરી બન્ને જૂથ યોજના દ્વારા રોજ નિયમિત રીતે પૂરતા દબાણ થી પાણી આપવા માંગ ઉઠી છે.

# આજે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો ઓનલાઈન પદવીદાન સમારોહ

ગોધરા,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આજે તા.૧૧/૦૬/૨૦૨૧ના રોજ યુનિવર્સિટીનો દ્વિતીય પદવીદાન સમારોહ ઓનલાઈન માદ્યમથી યોજાશે. આ પદવીદાન સમારોહ સવારે ૧૦.૩૦ કલાકે શરૂ થશે. જે દયાને લઈ પદવી મેળવવા અરજી કરનારા તમામ વિદ્યાર્થીઓને તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યઓ, અદ્યાપકઓ તથા પ્રવર્તમાન વિદ્યાર્થીઓને સમયસર ઓનલાઈન માદ્યમથી જોડવા વિનંતી કરાઈ છે. પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીના ફેસબુક પેજ અને યુ-ટયુબ એકાઉન્ટ પર જઈ ઓનલાઈન માદ્યમથી જોડાઈ શકાશે.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા અને સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા આજ રોજ વેકસીનેસન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# દે.બારીયા નગર પાલિકા દ્વારા પ્રિમોન્સુન અંગે કામગીરી હજુ સુધી શરૂ ન કરવાનો વિલંબ સાનો

દે.બારીયા,
દે.બારીયા શહેર એંસીના દસકમાં પંચમહાલનું પેરીસ તરીકે ઓળખવામાં આવતું હતું. પંચમહાલ એટલે દે.બારીયાના સ્ટેટ સાથે જાંબુઘોડા, સંતરામપુર, કંજરી અને દે.બારીયા શહેરને પંચમહાલનું પેરીસનો ખિતાબ આ સાથે શહેરની ગણના થતી હતી. તે સમયે નગર પાલિકામાં કચરાના નિકાલ કરવા માટે એક બળદ ગાડું હતું. તે પણ રૂસ્તમ ગાડાવાળાને કચરાના નિકાલ માટે નિયુકત કરાયો હતો અને સાંજે ચાર વાગ્યા સુધી શહેરના કચરાનું નિકાલ કરી દેવાતું હતું. આજે દાહોદ જીલ્લામાં દે.બારીયા તાલુકાને મોંડેલ તાલુકો ધોષથી કરાયો છે. સ્વચ્છતામાં મોડેલ નથી પરંતુ ભ્રષ્ટાચારમા મોંડેલ કહેવું યોગ્ય છે. પાલિકાના તમામ કાર્યો ..... વગર થતા નથી. જે કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર મળતો નથી. તે પહેલા કાર્ય શરૂ કરી દે છે. તેનું ઉદાહરણ આ રેટીયા પોલ થી નીચવાસ ભે દરવાજાને જોડતો આર.સી.સી.રોડ હાલમાં ગોકુળ ગતિએ છે. તેનું કારણ આજ ઈ કે વર્ક ઓર્ડર મળ્યો નહિ હોય તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે અને પ્રિમોન્સુનની કામગીરીમાં ટકાવારીનો પ્રશ્ન છે કે શું ? તેવું ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું છે. તા.૩૦/૦૫/૨૦૨૧ રોજ એક મીટીંગ ચીફ ઓફિસર અને સભ્યો દરમ્યાન વિકાસના કાર્યો જેમાં વરસાદી કાંસો અને ગંદાપાણીની ગટરોની સાફ સફાઈના માટે સહમતી થઈ કે નથી તે જાણવામાં મળેલ નથી. ટેન્ડરો કોના પાસ થયા અને કઈ એજન્સીના પાસ થઈ શકયા નથી. તે એજન્સીઓના માલિકોના ટેન્ડરની પ્રક્રિયાના સમયે શામાટે હાજર રખાત નથી. તે યક્ષ પ્રશ્ન છે.

(પાન નં.૧ નું ચાલુ)

## સ્કૂલ ફી અને રથયાત્રા.....

તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ ગાંધીનગરમાં કાર્યરત કરાયેલા અદ્યતન કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ૨.૦ના નવા ભવનનું લોકાર્પણ કર્યુ છે. આ પ્રસંગે સીએમ વિજય રૂપાણીએ અમદાવાદમાં યોજાનાર રથયાત્રા અને ઓલમ્પિક વિશે વાતચીત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આગામી સમય અને સંજોગો મુજબ નિર્ણય લેવાશે. આ નિવેદન બાદ ચારેબાજુથી લોકોને રથયાત્રા નીકળશે તેવી આશ બેઠી છે.

આજે સીએમ વિજય રૂપાણીને પ્રેસ કોન્ફરન્સમાં પુછવામાં આવ્યું હતું કે, હવે રાજ્યમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે તો આગામી સમયમાં રથયાત્રા નીકળશે કે નહીં? આ વિશે રૂપાણીએ જણાવ્યું હતું કે ગુજરાતની જનતાને વિનંતી છે કે કેસ ઘટ્યા છે એનો અર્થ એવો નથી કે કોરોના આપણા વચ્ચેથી જતો રહ્યો છે. હજુ પણ આપણે સંયમ જાળવવાની જરૂર છે. ગુજરાત એક એવુ રાજ્ય બન્યુ છે જેણે સંપૂર્ણ લોકડાઉન કર્યુ નથી. રથયાત્રા માટે આપણે જે તે સમયે સમય અને સંજોગોવસાત નિર્ણય લેવામાં આવશે. આપણે છૂટ આપીએ એનો મતલબ એવો નથી કે નિશ્ચિત થઈને બહાર નીકળીએ. જરૂરી હોય તો જ બહાર નીકળવું. કામ વગર ક્યાંય જવુ નહિ. ત્રીજી વેવ માટે તજજ્ઞો પણ સાવચેત રહેવાનું કહી રહ્યાં છે.

તો ફીના મુદ્દે તેમણે કહ્યું કે, શિક્ષણ ફી બાબતે સરકાર દ્વારા જરૂર પડે નિર્ણય લેવામાં આવશે. શાળાના સંચાલકો દ્વારા ૭૫ ટકા ફી લીધી છે, તો કેવી રીતે તેમને ટેક્સમાં માફી આપી શકાય. જો શાળાઓએ ફી ન લીધી હોય તો જ તેમને ટેક્સ માફી માટે વિચારી શકાય. કોરોના દરમિયાન હોટલ સંપૂર્ણ બંધ હતી. એટલે તેમને ટેક્સમાં છુટ આપી છે. હજુ શિક્ષણ સત્રની શરૂઆત થઈ છે. આ સત્ર કેવું જશે એ કહેવું મુશ્કેલ છે. સ્થિતિ કેવી રહેશે તે ખબર નથી. ભવિષ્યમાં સમય પ્રમાણે ફી બાબતે નિર્ણય કરીશું.

## અમેરિકાએ બનાવ્યું મહાશક્તિશાળી.....

એરફોર્સે કહ્યું છે કે તમામ તૈયારીઓ પૂર્વનિર્ધારિત શેડ્યૂલ મુજબ કરવામાં આવી રહી છે.

એરફોર્સ મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં એરફોર્સના રેપિડ કેપેબિલીટીસ ઓફિસ (આરસીઓ) ના ડાયરેક્ટર, રેન્ડલ જી. વાલ્ડેને કહ્યું હતું કે પ્રથમ રાઈડર બી-૨૧, બોમ્બર જેવુ દેખાશે. ૨૦૨૨ની શરૂઆતમાં, નોર્થ્રોપ ગ્રુમન કોર્પોરેશન કેલિફોર્નિયાના પામડેલામાં એન્જિન રન, ટેક્સી પરીક્ષણો અને અન્ય આવશ્યક જમીન સુવિધાઓનો વિકાસ કરશે. થોડા મહિના પછી બી-૨૧ બોમ્બરની પ્રથમ ઉડાન હાથ ધરવામાં આવશે. કેલિફોર્નિયામાં એડવર્ડ્સ એરફોર્સ બેઝ પર તેનુ ટેસ્ટિંગ કરવાની તૈયારી ચાલી રહી છે. જે પછી ૪૨૦ વે ફ્લાઈટ ટેસ્ટ સ્કવોડ્રોન આ વિમાનને વ્યાપક પરીક્ષણો માટે ટેકઓવર કરી લેશે. તેમણે એમ પણ કહ્યું કે અમે આ વિમાનની અંતિમ મર્યાદા સુધી પરીક્ષણ કરવાની તૈયારી કરી રહ્યા છીએ. તેમાં વિશ્વની સૌથી અદ્યતન સ્ટીલ્થ સુવિધા હશે, જેને વિશ્વના કોઈપણ રડાર દ્વારા પકડી શકાતી નથી. એકવાર તમામ પરીક્ષણ પરિણામો આવે, પછી ટૂંક સમયમાં મોટા પાયે ઉત્પાદન માટે ઓર્ડર આપવામાં આવશે. બી-૨૧ બોમ્બર પરંપરાગત હથિયારો ઉપરાંત પરમાણુ હથિયારોથી હુમલો કરવામાં સક્ષમ હશે. તે લોકહીડ માર્ટિનની એવિયોનિક્સ, એપેરચર્સ અને એફ-૩૫માં સ્થાપિત કેટલાક સેન્સરનો પણ ઉપયોગ કરશે. બી૨૧ બોમ્બર ૧૩૬૦૭ કિલો સુધીનું પેલોડ વહન કરવામાં સક્ષમ હશે. આનો મોટો ભાગ આંતરિક બળતણનો હશે. જ્યારે, બાકીના ભાગમાં બોમ્બ અને મિસાઈલો હશે. તમને જણાવી દઈએ કે આ વિમાન કદમાં નાનું અને અમેરિકાની બી-૨ સ્પીરીટ કરતા ઓછું ભારે હશે. જો કે, તેના નાના કદને કારણે રડાર તેને સરળતાથી શોધી શકશે નહીં.

# પંચમહાલ જિલ્લા પંચાયતના દંડક અરવિંદસિંહ પરમાર દ્વારા પ્રાથમિક શિક્ષકો ને પગાર ચૂકવવા બાબતે DDOને રજુઆત

ગોધરા,
પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ૩૩૩ પ્રાથમિક શાળાઓ આવેલી છે અને આ શાળામાં ૧૮૭૬ જેટલા પ્રાથમિક શિક્ષકો ફરજ બજાવે છે.અને તેઓના પગારની ગ્રાન્ટ સરકારે તા.૨૯/૦૫/૨૦૨૧ નાં રોજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીથી જમા થઈ ગઈ છે.

પરંતુ સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવતા ૧૨ દિવસ જેટલો લાંબો સમય થયો હોવા છતાં પણ આજ દિન સુધી ગત માસનો પગાર શિક્ષકોને મળેલ નથી. જેનું મુખ્ય કારણ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી હસમુખ એમ.રાણાની મોનીટરીંગનો અભાવ તથા નિષ્ક્રીયતાને કારણે સમયસર પગાર થયેલ નથી. અને જેના કારણે પ્રાથમિક શિક્ષકોમાં સરકાર પ્રત્યે નારાજગી ઉદભવી રહી છે.જે ખુબજ ગંભીર બાબત છે.

હાલમાં કોરોના મહામારીને કારણે શિક્ષકો ખુબજ માનસિક તથા આર્થિક રીતે મુશ્કેલીમાં છે.આ શિક્ષકો દ્વારા બેન્કો, અન્ય સંસ્થાઓ અને વ્યકતિ લીધેલ લોન નિયમતિ ન ભરાવાથી તેઓને વ્યાજ સહિત પેન્લટી ભરવાની થાય છે. આમ પ્રાથમિક શિક્ષકોને મહામારીમાં ખુબજ હેરાન થવું પડે છે. જેથી ગ્રાન્ટ હોવા છતાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શિક્ષણશાખાની નિષ્ક્રીયતાને કારણે ૧૮૭૬ જેટલા શિક્ષકો પગારથી વંચિત રહી ગયેલા છે.

ઉપરોકત બાબતે કયા કારણોસર શિક્ષકોનો સમયસર પગાર કરેલ નથી તેની તપાસ કરાવી જવાબદારો સામે પગલાં લઈ સત્વરે પ્રાથમિક શિક્ષકોનો પગાર કરવાના કામો થવા મારી ખાસ ભલામણ છે. અને આગામી સમયે સમયસર પગાર પ્રાથમિક શિક્ષકોને મળે તેવી તાકીદ કરશો.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૧-૦૦૬-૨૦૨૧, શુક્રવાર, જેઠ સુદ-પડવો, સૂર્યોદય-૫-૫૬, સૂર્યાસ્ત-૭-૨૧, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : મિથુન (ક,છ,ઘ), નક્ષત્રઃ મૃગશીર્ષ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# દૈનિક રાશીફળ

તા.૧૧.૦૬.૨૦૨૧ શુક્રવાર

મેષ (અ,લ,ઈ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
વૃષભ (બ,વ,ઉ) : આર્થિક બાબતોમાં સારું રહે,અચાનક લાભ થવાના સંકેત છે.
મિથુન (ક,છ,ઘ) : કાર્યસિદ્ધિ આપતો દિવસ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
કર્ક (ડ,હ) : વાદ વિવાદ થી દૂર રહેવું,તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું.
સિંહ (મ,ટ) : આકસ્મિત લાભ થાય,જુના મિત્રોને મળવાનું બને,શુભ દિન.
કન્યા (પ ,ઠ ,ણ ): સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નોકરિયાતવર્ગને સારું રહે.
તુલા (ર,ત) : ધ્યાન યોગ મૌનથી લાભ થાય,ભાગ્યબળ માં વૃદ્દિ થાય.
વૃશ્ચિક (ન ,ય ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય,પ્રગતિકારક દિવસ.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): જાહેરજીવનમાં સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
મકર (ખ ,જ ) : તબિયતની કાળજી લેવી,બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે.
કુંભ (ગ ,સ,શ ) : સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
મીન (દ ,ચ ,ઝ ,થ): તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

# ડિજિટલ યુગમાં ગ્રામ્ય વિસ્તારો મોબાઈલ નેટવર્કથી વિમુખ રોષ સાથે પોતાના અભિપ્રાયો રજૂ કર્યા

સંજેલી,

સંજેલી તાલુકામાં ૫૬ ગામોનો સમાવેશ છે, જેમાં આજે પણ કેટલાય ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ કનેક્ટિવિટી માટે મોબાઈલ નેટવર્ક માટે યુઝરોએ રઝળપાટ કરવો કરવો પડે મોબાઈલ નેટવર્ક મેળવવા માટે વૃક્ષો પર્વત પર ચડવું પડે છે. વીજપ્રવાહ સાથે મોબાઈલ નેટવર્કના ટાવરો જોડાયેલ છે. વિજપ્રવાહ બંધ તો સમજો મોબાઈલ નેટવર્ક પણ ગાયબ, કોલીંગ થાય છે પરંતુ ઈન્ટરનેટ સર્વિસ બંધ યુઝર્સ તગડો ચાર્જ આપીને રિચાર્જ કરાવતા હોય છે પરંતુ ટેલિકોમ કંપનીઓનું ઈન્ટરનેટ સર્વિસ ક્યારેય 2G-3G પ્રોવાઈડ કરે છે. યૂજરો દ્વારા સોસીયલ મીડિયાના સહારો લઈ પોતાના બળાપો અવાર નવાર કાઢીને ટેલિકોમ કંપનીને રજુઆત કરવા છતાં પરિણામ શૂન્ય છે.

સંજેલી તાલુકો અંતરિયાળ વિસ્તારમાં ફેલાયેલ તાલુકો છે. ડુંગરાળ વિસ્તાર હોવાના કારણે મોબાઈલ કનેક્ટિવિટી અનેક વાર ખોરવાઈ જવાના બનાવો સામાન્ય બની ગયા છે. ૫૬ ગામોમાંથી કેટલાય ગામોમાં મોબાઈલ નેટવર્ક કનેક્ટિવિટી ન મળતા પ્રજાએ ભારે જહેમત ઉઠાવી પડે છે. ડુંગરાળ વિસ્તારમાં,ઊંચા ધાબાઓ, ડુંગરાઓ પર ચડીને મોબાઈલ નેટવર્ક પકડતા હોય છે. જેને લઈ ગ્રામ્ય વિસ્તારની પ્રજાના ઈમરજન્સી કામો અટવાય જતા હોય છે. ડિજિટલ જમાનામા સંજેલી તાલુકાની પ્રજાએ કનેક્ટિવિટી માટે રઝળપાટ કરવો પડે છે. ટેલિકોમ કંપનીઓ દ્વારા ડુંગરાળ વિસ્તારમાં મોબાઈલ ટાવરો ઉભા કરીને પ્રજાને મોબાઈલ નેટવર્ક મળી રહે તે સહિયારૂ આયોજન કરવામાં આવે તેવી પ્રજાની લાગણી અને માંગણી છે.

મંગળવારના દિવસે મોબાઈલ નેટવર્ક સર્વિસ ખોરવાઈ. સંજેલીમાં મંગળવારના દિવસે ૬૬ કેવી સબસ્ટેશનની સમાર કામગીરીને લઈ વિજપ્રવાહ સવારથી લઈ સાંજ સુધી કાપ મુકવામાં આવ્યો હતો. જેના કારણે મોબાઈલ નેટવર્ક ખોરવાઈ હતી મોબાઈલ ટેલિકોમ કંપનીના નેટવર્ક બંધ અવસ્થામાં જોવા મળ્યા હતા. જેને લઈ ગ્રામજનોએ મોબાઈલ નેટવર્કથી વિમુખ રહેવાનો વારો પડ્યો હતો. નેટવર્ક આવે અને જાય જેવો ઘાટ સર્જાયો હતો. નેટવર્કનો પ્રોબ્લમ હોવાના કારણે સેંકડો લોકોના કામો પર બ્રેક લાગી ગયો હતો. જેથી પ્રજાએ ભારે હાડમારી વેઠવાનો સામનો કરવો પડ્યો હતો મોબાઈલ ટેલિકોમ કંપનીના નેટવર્ક આવે અને જાય થતા ફોન્સ,કોલિંગ,ઈન્ટરનેટ સર્વિસ ખોરવાઈ જવા પામ્યો હતો જેના કારણે પ્રજાના કામો અટવાય ગયા હતા. પ્રજાની લોક માંગણી છે કે વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. ત્યારે મોબાઈલ ટેલિકોમ કંપનીઓ દ્વારા જનરેટરના સહારે પણ નેટવર્ક સર્વિસ પુરી પાડે તે અત્યંત જરૂરી છે.

મોબાઈલ નેટવર્કની સમસ્યાને સોસીયલ મીડિયાના માધ્યમ થકી સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં મોબાઈલ ધારકોએ પોતાના મતો રજૂ કર્યા હતા તે નીચે મુજબના ગામો છે સંજેલી થી માત્ર ૮થી૧૨ કિમિ દૂર આવેલ ગામો છે.

માંડલી ગામના મોબાઈલ ધારકે જણાવ્યું હતું કે, માંડલી ગામના રહીશોએ મોબાઈલ નેટવર્ક પકડવા માટે રઝળપાટ કરવો પડે છે. પીછોડા, ગલાનાપડ, ઢેડીયા નારીયાની મુવાડી, ગામના મોબાઈલ ધારકોએ મોબાઈલ કનેક્ટીવી ન મળવાના કારણે બાળકોએ ઘણી વાર ઓનલાઈન અભ્યાસથી વિમુખ રહેવાનો વારો પડ્યો હતો. નેટવર્ક ક્યારેક પકડાતું હતું મળતું અને ક્યારેય મોબાઈલ નેટવર્ક ન પકડાતા તેના કારણે ઘણા બાળકોએ કલાસ એટેન્ડ કરવાનું રહી ગયું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ કનેક્ટિવિટી મળી રહે તે માટે ગ્રામજનો ઉગ્ર માંગ સાથે પોતાના મતો રજૂ કર્યા હતા.

# આદિવાસી ગ્રામીણ મહિલાઓની પારંપરિક સહિતની હસ્તકલાને પ્લેટફોર્મ પૂરૂં પાડતું દાહોદનું સખી શોપ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદનગરમાં તાલુકા પંચાયત કચેરીની સામે શરૂ કરવામાં આવેલું સખી શોપ જિલ્લાની સખી મંડળની બહેનોની કલા–કસબને ખરેખરૂં પ્લેટફોર્મ પૂરૂં પાડી રહ્યું છે. અહીં જિલ્લાની વિવિધ સખી મંડળની આદિવાસી ગ્રામીણ મહિલાઓ દ્વારા બનાવવામાં આવેલી વાંસની કલાત્મક વસ્તુઓ તેમજ ઘરઉપયોગી વસ્તુઓથી લઈને સુંદર લાકડામાંથી બનાવેલી ઘડીયાળો, તોરણ, માટીની વસ્તુઓ, પર્સ વગેરે એક જ ઠેકાણેથી મળી રહે છે. સખી શોપ ખાતે થતું આ બધી વસ્તુઓનું વેચાણ જિલ્લાના અનેક સખી મંડળોની બહેનો માટે આવકનું સાધન બન્યું છે.

અનેક સખી મંડળો દ્વારા બનાવાતી વસ્તુઓ માટે સખી શોપ એક પ્લેટફોર્મની ગરજ સારે છે. સખી શોપ શરૂ કરવાનો મૂળ વિચાર કાર્યકારી કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજનો હતો. તેમણે જોયું કે સ્વસહાય જુથ સાથે જોડાયેલી મહિલાઓ ખૂબ સુંદર વસ્તુઓ બનાવી જાણે છે પરંતુ તેનું યોગ્ય માર્કેટિંગ થતું નથી. જો સારૂ માર્કેટિંગ કરવામાં આવે તો આ બધી વસ્તુઓનું ખૂબ સારૂં વેચાણ થઈ શકે અને મહિલાઓની આવકમાં વધારો થાય. આ માટે તેમણે દાહોદમાં પ્લાસ્ટિક કાફે ની બાજુમાં જ સખી શોપ ને જગ્યા ફાળવવામાં આવી અને પ્લાસ્ટીક કાફે ચલાવતા ચંદ્રિકાબેન મેડા અને તેમની સાથે જોડાયેલી ચાર મહિલાઓ જ આ સખી શોપ ચલાવી રહ્યાં છે.

સખી શોપ ચલાવતા ચંદ્રિકાબેન જણાવે છે કે, અહીં દાહોદ તાલુકા ઉપરાંત અન્ય તાલુકાના સખી મંડળો દ્વારા બનાવવામાં આવતી વાસથી બનાવેલી કલાકૃતિઓ, હાથસાળ, હસ્તકલા, ભરતકામ થી લઈને સખી મંડળ દ્વારા બનાવવામાં આવતા સેનેટરી નેપકિન સુધીની તમામ વસ્તુઓ આ એક જ જગ્યાએ ઉપલબ્ધ કરવામાં આવી છે. અહીંથી વેચાતી વસ્તુનો સીધો ફાયદો જે તે સખી મંડળની મહિલાઓને થાય છે. આ સખી શોપ સાથે ૧૫ થી પણ વધુ સખી મંડળોની બહેનો જોડાયેલી છે. ગત દિવાળીના સમયમાં આ સખી શોપ શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ કોરોનાના કેસો વધવા માંડ્યા પછી તે બંધ કરવામાં આવ્યું હતું. જે હવેથી ફરી શરૂ કરવામાં આવ્યું છે. પ્લાસ્ટીક કાફેમાં જે પણ ગ્રાહકો આવે છે તેઓ આ સખી શોપની પણ મુલાકાત લે છે અને એ રીતે અહીંના સખી શોપમાં વેચાણ વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે.

આદિવાસી મહિલાઓ ખૂબ જ ઉદ્યમી અને કલાની જાણકાર છે. પરંતુ તેમને યોગ્ય પ્લેટફોર્મ મળે તો તેમની કલા ઝળકી ઉઠે. જિલ્લામાં સખી મંડળની મહિલાઓ વાસની વિવિધ વસ્તુઓથી લઈને માટીકામ, ભરતકામ, મોતીકામ જેવી અનેક કામગીરી કરી રહી છે. અહીંની પારંપરિક કલાનો ઉપયોગ કરીને ઘણી મહિલાઓ સુંદર વસ્તુઓ બનાવી જાણે છે. સખી શોપ આ તમામ મહિલાઓ માટે ખૂબ સુંદર પ્લેટફોર્મ અને સારી એવી આવકનું માધ્યમ બન્યું છે.

# હાઈસ્પીડ બાઈકની ચોરી કરતી MPના ગેંગ લીડર અને ત્રણ સાગરિતોને પોલીસે ઝડપ્યા



દાહોદ,

મધ્યપ્રદેશ રાજ્યની હાઈ સ્પીડ મોટરસાઈકલ ચોરી કરનાર ગેંગના લીડર તથા તેના અન્ય ત્રણ સાગરીતોને દાહોદ શહેર પોલીસે ઝડપી પાડી તેઓની પાસેથી ૧૧ ચોરીની મોટરસાઈકલો તથાં એક બોલેરો ફોર વ્હીલર ગાડી મળી ૧૨ ચોરીના વાહનો કબજે કર્યાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી વાહન ચોરીના બનાવોમાં ઘરખમ વધારો જોવા મળ્યો હતો. ત્યારે આ ઘટનાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખી દાહોદ જિલ્લા પોલીસને જિલ્લા પોલીસ વડા હિતેશ જોયષયની સુચના અને માર્ગદર્શન હેઠળ મોટરસાઈકલ ચોર ટોળકીને ઝડપી પાડવા ચક્રોગતિમાન કરતાં દાહોદ શહેર પોલીસ પણ આ કામગીરીમાં જોડાઈ હતી ત્યારે ગતરોજ દાહોદ શહેર પોલીસને મળેલ બાતમીના આધારે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાની હાઈ સ્પીડ મોટરસાઈકલ ચોરી કરનાર ગેંગના લીડર તેના સાગરીતો સાથે ચોરીની અપાચી મોટરસાઈખલ લઈને દાહોદ શહેમાં ચોરી કરવાને ઈરાદે આવનાર છે. જે બાતમીના આધારે દાહોદ શહેર પોલીસ શહેરના પડાવ વિસ્તાર ખાતે વોચ ગોઠવી ઉભા હતાં. આ દરમ્યાન બાતમીના દર્શાવેલ અપાચી મોટરસાઈકલ પર સવાર બે ઈસમો ત્યાંથી પસાર થતાં પોલીસ તેઓને રોક્યાં હતાં અને મોટરસાઈકલ વિશે તેમજ મોટરસાઈકલના કાગળો વિશે પુછતાં અને માંગણી કરતાં આ બંન્ને ઈસમો ગલ્લા તલ્લા કરવા લાગ્યાં હતાં. પોલીસે આ બંન્ને જણાની અટકાયત કરી દાહોદ શહેર પોલીસ મથકે લઈ આવ્યાં હતાં અને જ્યાં તેઓની સઘન પુછપરછ કરતાં અનેક મોટરસાઈકલ ચોરીની કબુલાત કરી હતી. એકનું નામ સુનિલ કહારસીંગ ડાવર અને બીજાનું નામ મહેશ ઉર્ફે મડીયા વાલસીંગભાઈ અખાડીયા (ઉ.વ.૨૦,૨૧, બંન્ને રહે. બહેડીયા, ડાલરીયા ફળિયું, તા.જોબટ, જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું.

પોલીસની સઘન પુછપરછમાં બીજી મોટરસાઈકલ અને ફોર વ્હીલર ગાડી પણ ચોરી કરી હોવાનું જણાવ્યું હતું ત્યારે એક્શનમાં આવેલ દાહોદ શહેર પોલીસે આ ગેંગના અન્ય સાગરીતો ધુંઘરસીગ નાહટીયાભાઈ મુવેલ (રહે. ભોરવાકુંવા, તા.રાણાપુર, જિ.ઝાબુઆ, મધ્યપ્રદેશ), મુકેશભાઈ પારૂભાઈ ભાભોર (રહે.ઢોલીવાડા, તડવી ફળિયું, તા. રાણાપુર, જી.ઝાબુઆ, મધ્યપ્રદેશ)ની પણ પોલીસ અટકાયત કરી હતી.

આ ગેંગના વોન્ટેડ આરોપી આપસીંગભાઈ મોબતસિંગ બામણીયા, તોકસિંગ લાલસીંગ અમલીયાર, કમીશ બાપસીંગ બામણીયા (ત્રણેય રહે. જોબટ, મધ્યપ્રદેશ), હિતેશ કમલેશભાઈ નીમાના (રહે. દાહોદ), પ્રકાશ દરિયાવસિંહ બામણીયા (રહે. કરચટ, તા.જિ.ધાર, મધ્યપ્રદેશ) અને અજીત જંગલ્યાભાઈ મંડોડ (રહે. ચાપર ખાંડા, તા.રાણાપુર, જિ.ઝાબુઆ, મધ્યપ્રદેશ) નાની ધરપકડના પોલીસે ચક્રોગતિમાન કર્યાં છે. પોલીસે ઝડપાયેલ ઈસમો પાસેથી ચોરીની ૧૧ મોટરસાઈકલો તેમજ ૦૧ બોલેરો ગાડી કબજે કરી છે.

# પટેલિયા સમાજના આગેવાનનું ભાજપ પ્રદેશ કારોબારીમાં સ્થાન મળતાં સન્માન કરાયું



આજરોજ દાહોદ શહેરના યશ કોમ્પ્યુટર, ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે, દાહોદ પટેલિયા સમાજની મિટિંગ યોજાઈ હતી. જેમાં હાલમાં ભાજપ પ્રદેશ કારોબારીની રચના થઈ હતી. જેમાં પટેલિયા સમાજ ને સમાજના અગ્રગણ્ય ગોપાલ સિંહ પરમારનો સમાવેશ કરી મહત્ત્વ અપાયું હતું. ગોપાલસિંહ પરમાર સામાજીક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્રે ખુબ સારી ભાજપ પ્રદેશ કારોબારી સમિતિ માં સમાવતા સમાજજનોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

આ પ્રસંગે પટેલિયા સેવા સમાજ, ટ્રસ્ટના હોદ્દેદારો મંત્રી, મથુરભાઈ રાઠોડ, ઉપપ્રમુખ, હીરાલાલ સોલંકી તથા અન્ય હોદ્દેદારો દિનેશભાઈ રાઠોડ, દેવાભાઇ રાઠોડ, રતનસિંહ બામણીયા એ પુષ્પ માળા, શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

# દાહોદ જીલ્લામાં આ વખતે છ વિધાનસભાની બેઠકો લાવવા યુવાઓને પ્રદેશ યુવા મોરચા પ્રમુખની હાંકલ



ફતેપુરા,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના સુખસર આઈ.ટી.આઈ ખાતે આજરોજ પ્રદેશ યુવા મોરચાના પ્રમુખના અધ્યક્ષ સ્થાને જીલ્લાના યુવાનોની પરિચય બેઠક યોજાઈ હતી. જેમાં પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ, પ્રદેશ યુવા મહામંત્રી કૌશલભાઈ દવે, ઉપાધ્યક્ષ મુકેશભાઈ રાઠવા, જીલ્લા યુવા મોરચાના પ્રમુખ મોહિતભાઈ ડામોર, જીલ્લા યુવા મોરચાના મહામંત્રી અલયભાઈ દરજી, રાહુલભાઈ રાવત, પૂર્વ પ્રદેશ યુવા મોરચાના મંત્રી જયદિપસિંહ રાઠોડ, પૂર્વ પ્રમુખ બાબુભાઈ આમલીયાર સહિત મોટી સંખ્યામાં યુવા ઓ જોડાયા હતા. કાર્યક્મની શરૂઆત ભારત માતાના જય ઘોષના નારા સાથે કરાઈ હતી. પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ અને મહાનુભાવોનું આદિવાસી સંસ્કૃત પ્રમાણે બંડી ભોયરૂ તીર કામઠું મોમેન્ટો પુષ્પ ગુચ્છ સાલ ઓઢાવી સન્માન કરાયું હતું. પ્રદેશ યુવા મોરચાના પ્રમુખે યુવાનોને કોરોનાની પરિસ્થિતિ કે વિસમ પરિસ્થિતિમાં યુવાનોને અડગ રહી કામ કરે સેવા હી સંગઠનના ભાવ સાથે ગરીબોને અનાજની કીટ વિતરણ કરી મદદ કરે સર્ગભા માતાઓ અને જરૂરીયાતમંદ લોકોને બ્લડ ડોનેટ કરી મદદ કરે તેમજ આજદીન સુધી ગુજરાતમાં યુવાનોએ ૨૫૦૦૦ હજાર બ્લડની બોટલોનું દાન કરી લોકોના જીવ બચાવ્યા હોવાનું કહી આવનાર સમયમાં દાહોદ જીલ્લામાં પુરેપુરી છ વિધાનસભાની બેઠક લાવવા યુવાનોને હાંકલ કરી હતી.

# દાહોદ જિલ્લાના વેપારીઓ-રિક્ષાચાલકોને સત્વરે વેક્સિન લઈ લેવા કાર્યકારીની અપીલ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે કાર્યકારી કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજની અધ્યક્ષતામાં જિલ્લાના વેપારી મંડળોના પ્રમુખ, અગ્રણી વેપારીઓ તેમજ રિક્ષા એસોસિએશનના પ્રમુખ સાથે એક બેઠક યોજાઈ હતી. બેઠકમાં કાર્યકારી કલેક્ટર રાજે તમામ વેપારીઓ તેમજ રિક્ષાચાલકોને સમયસર વેક્સિન લઈ લેવા અપીલ કરી હતી અને આગેવાન વેપારીઓ તેમજ રિક્ષા એસોસિએશનના પ્રતિનિધિઓને તેમણે જિલ્લામાં સો ટકા રસીકરણ થાય એ માટે સક્રિય ભૂમિકા નિભાવવા જણાવ્યું હતું.

કાર્યકારી કલેક્ટર રચિત રાજે આ પ્રસંગે જણાવ્યું કે, વેક્સિન એ કોરોના સામેનું સૌથી અસરકારક હથિયાર છે. જિલ્લામાં અત્યારે ૪૭ જેટલા કેન્દ્રો પર કોવીડ વેક્સિનેશનની કામગીરી ચાલી રહી છે. અત્યારે જયારે નિષ્ણાંતો દ્વારા ત્રીજી કોવીડ લહેરની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ત્યારે તેનાથી ડરવાની જગ્યાએ આપણે સૌએ સમયસર કોરોનાની વેક્સિન લઈ લેવી જોઈએ. સમગ્ર દાહોદ જિલ્લામાં સો ટકા રસીકરણ થાય એ નિર્ધાર સાથે આપણે આગળ વધવાનું છે. તેમણે જણાવ્યું કે, કોરોનાની બીજી લહેરમાં સૌથી વધુ કેસો શહેરી વિસ્તારોમાંથી આવ્યા હતા અને તેમાં પણ વેપારી વર્ગ તેનાથી સૌથી વધુ પ્રભાવિત થયો હતો. ત્યારે સૌ વેપારીઓની એ નૈતિક ફરજ છે કે, તેઓ પોતે તો વેક્સિન લઈ લે જ. સાથે તેમની સાથે કામ કરતા નોકરીયાતો કે મજૂરો પણ વેક્સિન લઈ લે તેનું ધ્યાન રાખે. તેમજ તેમના સ્ટાફના પરિવારના લોકો પણ વેક્સિન લઈ લે તો કોરોનાની ત્રીજી લહેરમાં તેમની સંક્રમિત થવાની શકયતા નહીવત થઈ જશે. વેપારીઓએ તેમની દુકાને એવું બેનર પણ લગાવવું જોઈએ જેથી ગ્રાહકો વેક્સિન લેવા પ્રેરિત થાય. તેમણે ઉમેર્યું કે, રિક્ષા એસોસિએશનના પ્રતિનિધિઓ અહીં ઉપસ્થિત છે. ત્યારે તેમને પણ અપીલ કરીશ કે જિલ્લાના સૌ રિક્ષાચાલકો સત્વરે વેક્સિન લઈ લે. રિક્ષા એ મુસાફરીનું એ એક અગત્યનું સાધન છે અને સેકડો લોકો રોજેરોજ તેનો ઉપયોગ કરતા હોય રિક્ષાચાલક વેક્સિન લઈ લે એ હિતાવહ છે. આગેવાનોએ આ અંગે એક અભિયાનની જેમ કામ કરીને સૌ રિક્ષાચાલકો વેક્સિન લઈ લે તે માટે પ્રયાસ કરે તે જરૂરી છે.

વિવિધ વેપારી મંડળોના પ્રમુખ, અગ્રણી વેપારીઓ તેમજ રિક્ષા એસોસિએશનના પ્રતિનિધિઓએ પણ વેક્સિનેશન માટે સકારાત્મક કામગીરી કરવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. બેઠકમાં ડેપ્યુટી કલેક્ટર રાજેન્દ્ર ગામેતી, અધિક મુખ્ય આરોગ્ય અધિકારી ડો. રમેશ પહાડિયા, ડો. કમલેશ ગોસાઈ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદના ઉસરવાણ ગામે શોપીંગ સેન્ટરની દુકાન માંથી ૩.૪૧ લાખની ચોરી

દાહોદ,

પંચમહાલના માજી સાંસદ સભ્ય અને રાજ્યસભાના સભ્યની દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે આવેલ શોપીંગ સેન્ટરની દુકાનમાં અજાણ્યા તસ્કરોએ હાથફેરો કરી ઓફિસનો સરસામાન જેમાં પંખા, ટ્યુબલાઈ, ટેબલ, ખુરસી તમામ પ્રકારનું ફર્નિચર વિગેર મળી કુલ રૂા.૩,૪૧,૫૦૦મી મત્તાનો હાથફેરો કરી ચોર ઈસમો નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવાં પામી છે.

પંચમહાલ જિલ્લાના ગોધરા નગરમાંરહેતાં ગોપાલસિંહ જી. સોલંકી (માજી સાંસદ સભ્ય અને રાજ્યસભાના સભ્ય) ની દાહોદ તાલુકાના ઉસવાણ ગામે પુષ્પક કોમર્શીયલ શોપીંગ સેન્ટમાં ઓફિસ આવેલી છે. આ ઓફિસમાં ગત તા.૦૭ થી તારીખ ૦૮ જુનના રોજ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ઓફિસમાંથી પંખા, ટ્યુબલાઈટ, વાયરીંગનો ખેંચાતાણ કરી, સ્વીચ બોર્ડ, ટેબલ, ખુરશી, સોફાસેટ, ગાદી, તકીયા, ચાદરોની ચોરી તેમજ ડાઈનીંગ ટેબલ તોડી નાંખી વિગેરે અનેક સામાન ચોરી કરી લઈ જઈ અને તોડી નાંખી અંદાજે કુલ રૂા.૩,૪૧,૫૦૦ની મત્તાની કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતાં આ સંબંધે ગોપાલસિંહ જી. સોલંકતી દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આદિવાસી ક્રાંતિકારી બિરસા મુંડાની પુણ્યતિથી ભારતીય ટ્રાયબલ પાર્ટીએ શ્રદ્ધાંજલિ અર્પી



દાહોદ,

ધરતીઆબા આદિવાસી ક્રાંતિકારી ભગવાન બિરસા મુંડાનું ૯મી જૂન ૧૯૦૦ના દિવસે રહસ્યમય રાંચીના કારાગારમાં નિધન થયું હતું.

સમગ્ર આદિવાસી સમાજ આજે તેઓની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધા સુમન અર્પણ કરી તેઓને યાદ કરી રહ્યો છે.

આદિવાસી સમાજના અસ્તિત્વ માટે જેઓ નાની ઉંમરે અંગ્રેજો સામે યુદ્ધ કરી સંસ્કૃતિ અને આદિવાસી સભ્યતા માટે શહીદ થયા હતા. તેઓની પુણ્યતિથિ નિમિત્તે દાહોદ જિલ્લાના ભારતીય ટ્રાઈબલ પાર્ટીના જીલ્લા ઉપપ્રમુખ દેવેન્દ્રભાઈ મેડા તેમજ ઝાલોદ તાલુકાના યુવાનો અને પાર્ટીના કાર્યકર્તાઓ સાથે મળીને ૧૨૧મી પુણ્ય તિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને આદિવાસી ભગવાનની જે આદિવાસી સમાજની અસ્તિત્વની જે લડાય છે. તે કાયમ રાખશે અને સમાજ સાથે અન્યાય થશે તો ઘરે ઘરેથી બિરસા દાદા બનીને બહાર આવશે એવી આપ સર્વેને વિનંતી છે.

# ઝાલોદના મુનખોસલા ગામની યુવતિના બેંક એકાઉન્ટ માંથી ૮૦ હજાર ઉપાડી ઠગાઈ કરાઈ

ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં રહેતાં એક ૨૫ વર્ષીય યુવતીના બેન્ક ખાતામાં કોઈ અજાણ્યા ઈસમે પોતાનો કસબ અજમાવી અલગ અલગ તારીખોએ કુલ રૂા.૮૦,૧૮૪ રૂપાચી ઉપાડી લઈ ઠગાઈ કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ઝાલોદ તાલુકાના મુનખોસલા ગામે કાનુગા ફળિયામાં રહેતી ૨૫ વર્ષીય સ્મિતાબેન નવલસિંહ બારીઆના સ્ટેટ બેન્ક ઓફિસ ઈન્ડિયાના ખાતામાંથી તારીખ ૧૩/૦૭/૨૦૨૦ના રોજ ચાર વખત રૂપીયા ૧૦,૦૨૩ તથા તારીખ ૧૪.૦૭.૨૦૨૦ના રોજ ચાર વખ રૂપીયા ૧૦,૦૨૩/– મળી કુલ રૂપીયા ૮૦,૧૮૪/– ની બંન્ને અલગ અલગ તારીખોએ સ્મિતાબેનના બેન્ક ખાતામાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમે પોતાનો કસબ અજમાવી આ નાણાં ઉપાડી લઈ ઠગાઈ કરી હોવાની ફરિયાદ સ્મિતાબેન નવલસિંહ બારીઆએ તારીખ ૦૯.૦૬.૨૦૨૧ના રોજ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મહાત્વાકાંક્ષી જિલ્લા દાહોદને યુનિસેફ તેમજ IKEA સંસ્થા દ્વારા ૭૦ હજાર N-95 માસ્કની સહાય



દાહોદ,

દાહોદ જિલ્લો કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે સજ્જ થવા માટે તમામ તૈયારી કરી રહ્યો છે. ત્યારે મહત્વાંકાક્ષી જિલ્લો દાહોદના આરોગ્યકર્મીઓની સ્વાસ્થ રક્ષા માટે યુનિસેફ તેમજ IKEA સંસ્થા દ્વારા ૭૦ હજાર એન–૯૫ માસ્કની સહાય કરવામાં આવી છે. આ ઉપરાંત યુનિસેફે ૩ લાર્જ ડીપ ફ્રિઝર તેમજ ૩ લાર્જ કોલ્ડ બોક્સીસ પણ આપવામાં આવ્યા છે. જેથી જિલ્લામાં વેક્સિનની સંગ્રહ ક્ષમતામાં વધારો થશે તેમજ વેક્સિનના પરીવહન માટે પણ કોલ્ડ બોક્સીસ ઉપયોગી થઈ પડશે. આજે આ ૭૦ હજાર એન–૯૫ માસ્ક તેમજ ડીપ ફ્રિઝર સહિતની આરોગ્યલક્ષી વસ્તુઓ આવી પહોંચી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 246

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# પંચમહાલ પોલીસ અને ખાણ-ખનિજ વિભાગ એક્શનમાં...

## કાલોલના ઘુસર ગામે ગોમા નદી માંથી રેતી ખનન રોકવા માટે પોલીસ પોઈન્ટ ઉભો કરાયો : રેતી માફિયાઓમાં ફફડાટ

- જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં પોલીસવડા એ રેઈડ કરી ૧૪ વાહનો ઝડપ્યા બાદ રેતી ખનન રોકવા વધુ કાર્યવાહી કરાઈ.
- વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર એકશનમાં આવતાં ગોમા માંથી રેતી ખનન કરતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ.



૧૫ દિવસ પહેલા ગોમા નદીમાં ટ્રેકટરોનો જમાવડો



પોલીસ પોઈંટ મુકવાથી આજે ગોમા નદી ખાલી ખમ.

ગોધરા,

કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમા નદીના પટ વિસ્તાર માંથી ચલાલી, કરોલ, ઘુસર જેવા ગામોમાંથી મોટા પ્રમાણમાં ખનિજ માફિયાઓ દ્વારા રેતીનું ગેરકાયદેસર ખનન કરવામાં આવતું હોય છે. ખાણ-ખનિજ વિભાગ દ્વારા અવારનવાર ગોમા નદી માંથી રેતી ખનનને રોકવા માટે રેઈડ કરતા હોય છે પરંતુ માફિયાઓને ખાણ-ખનિજ વિભાગની રેઈડ થાય તે પહેલા સર્તક થઈ જતાં હોય છે અને ખનિજ માફિયાઓ કે રેતીના વાહનો ઝડપાતા નથી. ત્યારે એક સપ્તાહ પૂર્વ જીલ્લા કલેકટરને રાહબરી હેઠળ જીલ્લા પોલીસવડાને ખાણ-ખનિજ વિભાગની ટીમ દ્વારા ઘુસર ગોમા નદીમ રેઈડ કરાઈ હતી અને ૧૪ વાહનો ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમજ ૧૮ વ્યકિત સામે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી. ગોમા નદી માંથી રેતીનું ગેરકાયદેસર ખનન રોકવા માટે ચલાલી ગામો નદીમાં પોલીસ ચોકી ઉભી કરવામાં આવતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

કાલોલ તાલુકામાં ખનિજ માફિયાઓ વહીવટી તંત્ર પોલીસ કે ખાણ-ખનિજ વિભાગનો કોઈપણ જાતનો ડર રાખ્યા વગર બેખોફ રીતે ગોમા નદીના પટ માંથી ગેરકાયદેસર રીતે રાત-દિવસ રેતીનું ખનન કરતા હતા. કાલોલના સુરેલી, કરોલી, ઘુસર જેવા ગામોમાં ખનિજ માફિયાઓના આતંક થી લોકો આવી ખનન પ્રવૃતિનો વિરોધ કરવાની હિંમત દર્શાવતું નથી. પરિણામે આવા ખનિજ માફિયાઓ બેખોફ બનીને રેતીનું ખનન પ્રવૃતિ ચલાવી રહ્યા છે. ખાણ-ખનિજ વિભાગ દ્વારા ગોમા નદીના પટ માંથી રેતી ચોરીને અટકાવવા માટે રેઈડ કરાતી હોય છે. પરંતુ ગોમા નદીના પટ માંથી ગેરકાયદેસર રેતી ખનન કરતાં ખનિજ માફિયાઓનું નેટવર્ક ખૂબ ઉંચું છે. જેને લઈ ખાણ-ખનિજ વિભાગની ટીમ કયાં રેઈડ કરવાનું છે. તેની અગાઉ થી જાણ થઈ જતી હોય છે. પરિણામે ખાણ-ખનિજ વિભાગની ટીમે રેઈડ કરે તે પહેલા વાહનો લઈને નાશી છુટતા હોય છે. ખાણ-ખનિજ વિભાગની ટીમ જો રેઈડમાં ગયેલ હોય ત્યારે ખનિજ માફિયાઓ દ્વારા હુમલાના બનાવો પણ બની ચુકયા છે. કાલોલ તાલુકાના ચલાલી, કરોલી, ઘુસર જેવા ગામોમાં રેતી ખનન કરતાં માફિયાઓને થોડા નાણાંની લાલચમાં બાતમી પણ મળી જતી હોય છે. જેને કારણે ખનિજ માફિયાઓ બેખોફ બનીને ગેરકાયદેસર રેતી ખનન કરત હોય છે.

કાલોલ તાલુકાના ઘુસર ગામે ગોમા નદીના પટ માંથી થતા ગેરકાયદેસર રેતી ખનનની માહિતીના આધારે પંચમહાલ જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જીલ્લા પોલીસવડા અને ખાણ ખનિજ વિભાગ દ્વારા સંયુકત રેઈડ કરાઈ હતી. ઘુસર ગામે ગોમા નદીમાં રેઈડ પહેલા પોલસીવડા દ્વારા વેજલપુર પોલીસ સ્ટાફના મોબાઈલ મુકાવી દીધા હતા. જેને લઈ ખનિજ માફિયાઓ રેઈડ પહેલા સર્તક બની ન જાય આવી ચોકકસ તકેદારી સાથે સંયુકત રેઈડ કરતાં ૧૪ રેતી ભરેલ વાહનો ગોમા નદીના પટ માંથી ઝડપાઈ જવા પામ્યા હતા અને આ બાબતે ૧૮ ઈસમો વિરૂદ્ધ વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી હતી. જીલ્લા વહીવટી તંત્ર પોલીસ વિભાગ અને ખાણ-ખનિજ વિભાગની સંયુકત રેઈડ બાદ ખનિજ માફિયાઓમાં ડર ઉભો થયો હતો. તેમ છતાં છુપી રીતે રેતીનું ખનન ચાલુ રાખેલ હોય ત્યારે ગોમ નદી માંથી રેતી ખનન રોકવા તેમજ ખનિજ માફિયાઓને ઝડપી પાડવા માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ચલાલી ગોમા નદીના પટમાં પોલીસ ચોકી ઉભી કરવામાં આવી છે. આ પોલીસ ચોકીમાં સ્ટાફ સાથે ખાણ-ખનિજ વિભાગના ચાર થી પાંચ કર્મચારીઓ રાત-દિવસ ફરજ બજાવશે. આંમ, ગોમા નદી માંથી થતી રેતી ખનન પ્રવૃતિ ઉપર લગામ લગાવવા માટે તેમજ ખનિજ માફિયાઓને ઝડપી પાડવા વહીવટી તંત્ર સર્તક બનતા ખનિજ માફિયાઓમાં ફફડાટ જોવા મળ્યો છે. પોલીસ ચોકી ઉભી કરતાં હાલ રેતી ખનન કરતાં તત્વો નદીમાં ફરકતા બંધ થયા છે.

## હાલોલના સાવરીયા ગામે તળાવ માંથી ગેરકાયદેસર માટી ખનન કરતા હિટાચી મશીન સાથે ૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ તાલુકાના સાવરીયા પંચાયતના તળાવ માંથી ગેરકાયદેસર હિટાચી વડે માટીનું ખાણ-ખનિજ વિભાગે તપાસ કરી ૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

હાલોલ તાલુકાના સાવરીયા ગામ તળાવ માંથી કોઈપણ જાતની પરવાનગી વગર ગેરકાયદેસર રીતે હિટાચી મશીન વડે માટીનું ખનન કરવામાં આવી રહ્યું છે. તેવી માહિતીના આધારે ખાણ-ખનિજ વિભાગે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન હિટાચી મશીન સહિત ૧૦ લાખ થી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે ખાણ-ખનિજ વિભાગે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગોધરા-અમદાવાદ-ઈન્દોર હાઈવેની મરામત માટે રજુઆત

ગોધરા,

ગુજરાત પ્રદેશ ભાજપના પંચમહાલ ના કારોબારી સભ્ય ગોપાલભાઈ પટેલ દ્વારા પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાંથી પસાર થતો અમદાવાદ ઈન્દોર નેશનલ હાઈવે નંબર-૫૯ ને મરામત કરી રીકાર્પેટીંગ કરવા મામલે ભારત સરકારના રોડ,ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીને રજુઆત કરવામાં આવી.

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરથી અમદાવાદ સુધીના અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈવે નંબર ૫૯ પસાર થાય છે. અને નેશનલ હાઈવે ઓથોરીટી તરફથી નિયમ મુજબનો ટોલટેક્ષ વસુલ કરવામાં આવે છે.અને કરોડો રૂપિયાની આવક થઈ રહી છે.

ત્યારે આ રસ્તા ને બનતા અંદાજે ૧૦ વર્ષ જેટલો સમય થયો છે. ગોધરા શહેરથી અમદાવાદ સુધીના રસ્તા પર બે ટોલ નાકા આવેલા છે. અને નિયત મુજબનો ટોલટેક્ષ વસુલ લેવામાં આવે છે. આ સમગ્ર રસ્તો છેલ્લા ઘણા વર્ષોથી બિસ્માર હાલતમાં છે. અને આ રસ્તા પર ખાડાઓ પડી ગયા છે. અને રસ્તો અકસ્માતોને આમંત્રિત કરી રહેલ છે. આ રસ્તાની લાંબા સમયથી દેખરેખ કરવામાં આવતી નથી. અને જેના કારણે રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકો અને આજુ બાજુના ગામના લોકોમાં રોષની લાગણી છે. આ બાબતે સ્થાનિક લોકોએ અવાર નવાર ટોલ બુથ પર જુઆત કરેલ છે. પરંતુ કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવેલ નથી.

આ રસ્તાની મરામત કામગીરીની ખુબજ જરૂરીયાત છે. અને વારંવાર અસ્માત ન થાય તે માટે રીકાર્પેટીંગ કરી તમામ ખાડાઓ અને ઉંચા નીચા સ્તાઓને સરખા કરવા ખુબજ જરૂરી છે.જેથી સદર રસ્તાની કામગીરીના સમયે અને ટેન્ડર અને મરામતની શરતો મુજબ સંબધિત એજન્સી ઈજારાદારને સુચના કરી સત્વરે આ રસ્તાની દુરસ્તી કરવા મારી વિનંતી સહ ભલામણ છે.

ઉપરાંત રસ્તાની કામગીરી દિન-૧૫ માં નહિ કરવામાં આવે તો સ્થાનિક ગ્રામજનો અને વાહન ચાલકો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા સદર રસ્તા ઉપર ટોલ નાકા ઉપર ટોલટેક્ષ નહીં ચુકવવામાં આવે. અને આ રસ્તાને રોડ ટોલ ટેક્ષ થી મુકત કરવામાં આવશે. અને તે અંગેની તમામ જવાબદારી નેશનલ હાઈવે ઓથોરીટી અને સંબંધિત વિભાગની રહેશે. જેથી સત્વરે કાર્યવાહી કરવા અમારી માંગ છે.

## આમ આદમી પાર્ટી દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ માટે મોબાઈલ ડેટા ફ્રી આપવા રજુઆત

ગોધરા,

ગુજરાત રાજયના મુખ્યમંત્રીને પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ દિનેશભાઈ બારીઆ દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ માટે મોબાઈલમાં ડેટા ફ્રી કરી આપવા અથવા નાણાકીય સહાય આપવા લેખિત રજુઆત કરવામાં આવી.

છેલ્લા દોઢ વર્ષથી રાજય અને દેશમાં કોરોના મહામારી ચાલુ છે. જેની ગંભીર અસર દરેક ક્ષેત્રમાં થઇ રહી છે અને તેનુ નુકસાન થતું જોવા મળી રહ્યો છે. ત્યારે ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રમાં તેની ખૂબ મોટી અસર જોવા મળી રહી છે. છેલ્લા દોઢ વર્ષથી તમામ શાળાઓ અને કોલેજો બંધ છે.વિદ્યાર્થીઓને ભણવાનું પણ બંધ છે. શાળાનો શૈક્ષણિક અભ્યાસક્રમ પણ બગડી રહ્યો છે.આવા સમયે શાળાઓ અને કોલેજો દ્વારા વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે વિદ્યાર્થીઓને શૈક્ષણિક અભ્યાસક્રમ ઓનલાઇન દ્વારા ભણાવવામાં આવે છે. ત્યારે આ રીતે શિક્ષણ મેળવવાનું વાલીઓને આર્થિક રીતે પરવળતું નથી અને નુકશાન કારક સાબિત થઈ રહ્યું છે.

આજે દરેક ધોરણમાં છ થી સાત વિષયો ઓનલાઇન રીતે ભણાવવામાં આવે અને એક વિષયનું શિક્ષણ દરરોજ ૪૦ મિનિટ પણ આપવામાં આવે તો દિવસમાં ચાર થી પાંચ કલાકનો સમય થતો હોય છે અને આ રીતે દિવસમાં ચાર પાંચ કલાક મોબાઈલમાં ડેટા વપરાય છે એટલે લગભગ ૪ થી ૫ જીબી વપરાશ થતી હોય છે. ત્યારે દૈનિક ૪ થી ૫ જીબી ના વપરાશ વાળા પ્લાનનુ રીચાર્જ કરાવવા માટે લગભગ દરેક મોબાઇલ રીચાર્જ કંપનીનો માસિક ચાર્જ રૂપિયા ૭૦૦ થી વધારે હોય છે. વાર્ષિક ખર્ચ જોઈએ તો લગભગ ૭૦૦૦ થી ૧૦૦૦૦ રૂપિયા જેટલો થાય. અને જો એક ઘરમાં બે કે ત્રણ વિદ્યાર્થીઓ હોય તો જે તે વાલીને એક મહિનાનો ખર્ચ ૧૫૦૦ થી ૨૫૦૦ રૂપિયા થાય. અને એક વર્ષનો ખર્ચ જોઈએ તો એક વિદ્યાર્થી પાછળ રૂપિયા ૧૫૦૦૦ થી ૨૦૦૦૦ જેટલો થાય.

એમાંય પાછી ખાનગી શાળાઓની ઉંચી ફી પણ ભરવી પડતી હોય છે. ત્યારે વાલીઓની આર્થિક સમસ્યાઓ ઊભી થઈ છે એક તો શાળાઓની ઉંચી ફી અને મોબાઈલનું મોંઘુ રિચાર્જ એમ કુલ ખર્ચ જોતા આ સમયમાં વિદ્યાર્થીઓને ભણાવવાનું મોંઘુ પડી રહ્યું છે.તેમજ જે વાલીઓની આર્થિક સગવડ સારી નથી તેઓના બાળકો ઓનલાઇન શિક્ષણથી વંચિત રહી જાય છે.

ત્યારે ગુજરાતની તમામ શાળા-કોલેજોમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને ઓનલાઇન શિક્ષણ મળે તે માટે તેઓના મોબાઈલ માં કોઈ સ્કીમ દ્વારા જરૂરી ડેટા ફ્રી કરી આપવામાં આવે અથવા તમામ શાળા અને કોલેજમાં ભણતાં તમામ વિદ્યાર્થીઓને માસિક નાણાકીય સહાય આપવામાં આવે જો આમ કરવામાં આવશે તો ગુજરાતના તમામ વિદ્યાર્થીઓ ઓનલાઇન શિક્ષણ મેળવી શકશે, શાળાઓ દ્વારા તમામ વિષયનું શિક્ષણ આપી શકાશે, તમામ વિષય શિક્ષણ માટે પુરતો સમય આપી શકાશે અને પૂરેપૂરો અભ્યાસક્રમ ભણાવી શકાશે. જેથી વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂરો કરવાની તક મળશે.

## કાલોલ MGS સ્કુલ પાસેના નાળા પરની સ્ટ્રીટ લાઈટ શોભાના ગાંઠિયા સમાન



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ નગરમાંથી પસાર થતા મુખ્ય ગોધરા-વડોદરા હાઈવે પસાર થાય છે. આ મુખ્ય માર્ગની વચ્ચે આવેલ ડિવાઈડર પર સ્ટ્રીટ લાઈટ આવેલ છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ મુખ્ય માર્ગની તેમજ કાલોલ એમ.જી.એસ સ્કુલનાં નાળા પાસે આવેલ સ્ટીલ લાઈટના થાંભલા પર લગાવેલા બોક્ષો તુંટી વાયરો ખુલ્લાં જોવા મળી રહ્યા છે. જેના કારણે છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટ લાઈટ બંધ હાલતમાં જોવા મળી રહી છે. કાલોલ થી પાન્ડુ, સણસોલી, સાંઢાસાલ, કાનોડ તરફનાં મુસાફરો એક રાત્રીના સમયે પોતાના ધંધા રોજગાર પરથી ઘરે જતાં આવા માગે પર અંધારા છવાઈ જતા નજીક થી પસાર થતા રાહદારીઓ માટે સ્ટ્રીટ લાઈટ નો પ્રકાશ ન મળતાં રોડ પરનાં સ્ટ્રીટલાઈટના બંબુઓ શોભાના ગાંઠિયા સમાન. જોકે પાલિકા દ્વારા સ્ટીટલાઈટનું રીપેરીંગની કરી રોડ પર અજવાળા થાય તેવી લોક માંગ ઉપસ્થિત થઈ છે.

## હાલોલના તરખંડામાં બે મિત્રો દ્વારા મિત્રની કરી હત્યા



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ તાલુકાના તરખંડા ગામ રહેતો યુવક ૨ જુનના રોજ બાઈક લઈને હાલોલ ડીઝલ લેવા ગયેલ હતો. બીજા દિવસ સુધી પરત નહિ ફરતાં ગુમ થયાની ફરિયાદ નોંધાયેલ હતી. ત્યારે પોલીસ દ્વારા ઈટવાડી ગામની સીમના કુવા માંથી મૃતદેહ મળી આવ્યો હતો. યુવકને બાઈક સાથે બાંધીને કુવામાં ફેંકીને હત્યા કરાઈ હોય તેના આધારે પોલીસે શંકમંદની અટકાયત કરી હતી. પુછપરછ દરમ્યાન ગળુ દબાવી હત્યા કરી પુરાવા નાશ કરવા લાશને કુવામાં ફેંકી દેવાની કબુલાત કરતો પોલીસે બે હત્યારાને વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલના તરખંડા ગામે રહેતા શૈલેષ ખુમાનસિંહ ચાવડા જે ૨ જુનના રોજ પોતાના ઘરે થી બાઈક નંબર જીજે.૧૭.એએલ.૬૬૪૭ લઈને હાલોલ ડીઝલ લેવા ગયેલ હતા. જે બીજા દિવસ સુધી પરત નહિ ફરતાં હાલોલ રૂરલ પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવા પામી હતી. પોલીસ તપાસ દરમ્યાન ઈટવાડી ગામની સીમના કુવામાંથી મોટર સાયકલ સાથે બાંધીને કુવામાં નાખી દીધેલ મૃતદેહ મળી આવ્યો હતો. જેને લઈ તરખંડા ગામે ગુમ થયેલ શૈલેષના પરિવારને બોલાવામાં આવ્યો હતો. પરિવારજનો એ શૈલેષના મૃતદેહ હોવાની ઓળખ કરી હતી. પોલીસની તપાસમાં ખુલવા પામ્યું હતું કે, શૈલેષ ગુમ થયાના દિવસે ઈટવાડી ગામે અલ્પેશ ભગવાનભાઈ ચાવડાને મળવા આવેલ હતા અને ત્યારબાદ પતો મળતો ન હોય શકદાર તરીકે અલ્પેશ ચાવડાની પુછપરછ કરતા કબુલાત કરી કે પીતરાઈ ભાઈ સુરપાલની મદદ થી ગુમ થયાના દિવસે સવારે શૈલેષને ગળે દોરીનો ટુંપો આપીને હત્યા કરેલ હતી અને પુરાવાનો નાશ કરવા રાત્રીના સમયે શૈલેષના મૃતદેહને તેની બાઈક સાથે બાંધીને કુવામાં નાંખી હતી. તેવી કબુલાતના આધારે અલ્પેશ ચાવડા એ શૈલષ સાથે એક વર્ષ પહેલા કોઈ મહિલા બાબતે થયેલ ઝગડાની અદાવત રાખીને હત્યા કરી હોવાની કબુલાત કરતાં હાલોલ રૂલર પોલીસે અલ્પેશ ચાવડા અને સુરપાલ ચાવડાની હત્યાના ગુનામાં ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરા તાલુકા પંચાયત કચેરીમાં વિવિધ સરકારી યોજનાના કામોના સ્થળ તપાસ બાદ બીલો કાઢવામાં આવે તે માટે વિરોધ પક્ષના નેતા દ્વારા આવેદન



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી એ ગ્રામ પંચાયત વિસ્તારમાં વિવિધ યોજનાના કામોના બિલ સ્થળ તપાસ બાદ નીકળે અને સાચા લાભાર્થીઓને લાભ મળે તેવી માંગ સાથે તાલુકા વિકાસ અધિકારીને આવેદન આપવામાં આવ્યું હતું અને તાલુકા વિકાસ અધિકારીની સારી કામગીરીને બિરદાવી હતી.

શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી સહિતનાઓ તાલુકા પંચાયત કચેરી ખાતે એકત્રિત થયા હતા. તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝાને વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી, પ્રહલાદ સિંહ સોલંકી, શકિતસિંહ સોલંકી તેમજ રિઝવાન પઠાણ સહિતનાઓએ મૌખિક રજૂઆત સાથે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સરકારની વિવિધ યોજનાના થતા કામોના બિલ સ્થળ તપાસ કર્યા બાદ કાઢવામાં આવે તે માટે આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું. તાલુકાના સાચા લાભાર્થીઓને વિવધ યોજનાના લાભ મળે અને સરકારની આવેલ વિવિધ યોજનાની ગ્રાન્ટનો ખરા અર્થમાં ઉપયોગ થાય તે માટે તાલુકા વિકાસ અધિકારીને વિરોધ પક્ષના નેતા જંશવતસિંહ સોલંકી એ તે માટે આવેદનપત્ર આપેલ હોવાનું તેઓ પાસેથી જાણવા મળ્યું હતું. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વિકાસ થાય તે માટે સરકારની વિવિધ યોજનાની ગ્રાન્ટ આવતી હોય ત્યારે હાલના તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝા સારી કામગીરી કરતા હોવાથી વિરોધપક્ષના નેતાએ તેમની કામગીરીને બિરદાવી હતી.

## જીલ્લામાં આજે ૧૦ કેસ પોઝીટીવ નોંધાયા

ગોધરા,

કોરોના કેસોમાં મહત્તમ ઘટાડો નોંધાતા આજે માત્ર ૧૦ કેસ નોંધાયા છે.જેની સાથે સાથે કોરોના કેસો ઘટવાથી જિલ્લા વાસીઓએ તેમજ જિલ્લા વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.ત્યારે કોરોના દર્દીઓ પણ ઝડપથી સાજા થઈ ઘરે પરત ફરી રહ્યા છે. જે એક સુખદ સમાચાર કહી શકાય.

પંચમહાલ જિલ્લામાં આજે ૧૦ દર્દી કોરોનાને માત આપી સાજા થયો. જિલ્લામાં કોરોના કેસોમાં ગુરૂવારે ઘટાડો નોંધાતા માત્ર ૧૦ દર્દીઓ નોંધાવા પામ્યા હતાં. જિલ્લામાં કોરોનાનો કુલ આંક આજ રોજ ૯૫૭૨ ઉપર પહોંચી જવા પામ્યો છે. જેમાં જિલ્લા ના શહેરી વિસ્તારો પૈકી ગોધરામાં-૦૨ કેસ નોંધાયા.

જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ગોધરા-૦૧,શહેરા-૦૬ અને કાલોલ-૦૧ એમ મળી કુલ ૧૦ કેસ નોંધાયા છે. ત્યારે આજ રોજ કોરોનાને હરાવી કુલ ૧૦ દર્દી સાજા થયા હતા. જે મળી જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૩૧૦ દર્દીઓ કોરોના ને પછડાટ આપી સાજા થયા છે. હાલમાં કોરોના ની સારવાર હેઠળ માત્ર ૭૬ દર્દીઓ નો સમાવેશ થાય છે.પંચમહાલ જિલ્લામાં શહેરી વિસ્તારોમાં કુલ ૫૫૦૭ કેસ નોંધાયા. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૦૬૫ કેસ નોંધાયા.

## શહેરાની યુવતિને પરણિત યુવાને બે વખત નિકાહ કરી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ

શહેરા,

શહેરાની એક યુવતી સાથે શહેરાના જ પરિણીત યુવકે પોતે લગ્ન કરેલા હોવાના તેમજ ત્રણ સંતાનોનો પિતા હોવાની માહિતી છુપાવી યુવતી સાથે તારીખ ૩/૭/૨૦૨૦ ના રોજ મુસ્લિમ રીતિરિવાજ મુજબ લગ્ન કર્યા હતા તેમજ એક જ દિવસમાં પીડિત યુવતી સાથે બે વખત નીકાહ કરી બે વખત એફિડેવિટ રજૂ કરી ખોટા દસ્તાવેજોનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી વિશ્વાસઘાત કર્યો હોવાની પોલીસ ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવા પામી છે.

શહેરાની એક યુવતીને શહેરાના પોલીસ સ્ટેશનની સામે રહેતા શકીલ મોહંમદ હબીબ શેખ દ્વારા લલચાવી ફોસલાવી પોતાના લગ્ન થઈ ગયેલ છે તેમજ પોતે ત્રણ સંતાનોના પિતા છે તે હકીકત યુવતી થી છુપાવી યુવતી સાથે તારીખ ૩ ૭ ૨૦૨૦ ના રોજ લગ્ન કરેલ તારીખ ૩ ૭ ૨૦૨૦ ના રોજ બે વખત નિકાહ કરેલ પ્રથમ નીકાહ કર્યા બાદ શકીલ મોહંમદ દ્વારા તે દિવસે અન્ય સાક્ષીઓની હાજરીમાં બીજી વખત નિકાહ કરી છેતરપિંડી કરેલ,આ લગ્નને રજિસ્ટર કરાવવા માટે બે એફિડેવિટ કરેલ પોતે પરિણીત હોવા છતાં પણ લગ્ન રજીસ્ટરમાં કરેલ એફિડેવિટમાં અપરણિત બતાવી ખોટી રીતે ઠગાઈ કરી યુવતી સાથે લગ્ન કરેલ હતા આમ પરિણીત યુવકે ખોટા દસ્તાવેજ નો ઉપયોગ સાચા દસ્તાવેજો તરીકે કરી લગ્ન રજીસ્ટર બે વખત કરી હોવાની હકીકત સામે આવતા યુવતીના પિતા દ્વારા શહેરા પોલીસ મથકે છેતરપિંડી કરનાર યુવક તેમજ યુવતીના નિકાહ કરાવનાર મૌલાના સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે શહેરા પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.